પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બકરી ઈદ સંદર્ભે પોલીસ સ્ટેશન ખાતે બેઠક

નગરના અગ્રણીઓ સહિત વેપારી મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ તા.૨૬ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં બકરી ઈદના તહેવાર ને લઈને પ્રાંતિજ પી.આઈ પી.પી.વાઘેલ દ્વારા શાંતિ સમિતિ ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નગરના અગ્રણીઓ વેપારીઓ વિવિધ કોમના આગેવાનો સહિત હિન્દુ મુસ્લિમ આગેવાનો સહિતની બેઠક યોજાઈ. પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આવર્ષે પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ પી.પી.વાઘેલ ની અધ્યક્ષતામા શાન્તિ સમિતિ ની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી જેમાં પ્રાંતિજ નગરપાલિકા પૂર્વ પ્રમુખ દિપકભાઈ કડીયા, વકીલ યોગેશ ભાઈ રાવલ , રાણા વકીલ, મહેબુબ ભાઈ બલોચ, સફીભાઈ , સમીરભાઈ મનસુરી, અયુબભાઈ સહિત વેપારીઓ તથા હિન્દુ મુસ્લીમ આગેવાનો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શાન્તિ અને એકતા જળવાઈ તે માટે ની પ્રાર્થના કરી હતી.

ચેરમેનની દુખતી નશ દબાવી ડિરેક્ટરે કામ કઢાવી લીધાની ચર્ચા

સાબરડેરી આગળ શર્ટ ઉતારી ધરણાં પર બેઠેલા ડિરેક્ટરે ગણતરીના કલાકમાં ધરણાં સમેટાં

3 ડેરીની માન્યતા રદ કરવાની શરત મૂકી હોવાની લોકચર્ચા

બાયડ, તા.૨૬ સાબરડેરીના ચેરમેનના અનહદ ભ્રષ્ટાચાર, મનસ્વી વહીવટના આરોપ લગાવી ગત રોજ સાબરડેરી આગળ ધરણાં પર બેઠેલા સાબરડેરીના ડિરેક્ટર, બાયડના પૂર્વ ધારાસભ્યએ ગણતરીના કલાકમાં ધરણાં સમેટી લઈ ચેરમેન સાથે બંધ બારણે બેઠક કરી હતી અને તેમાં ચેરમેનની દુખતી નશ દબાવી પોતાનાં કામ કઢાવી લીધાની ચર્ચા છે. જેમાં માલપુર તાલુકાની ડેરીની માન્યતા રદ કર્યાની શરત મૂક્યાની પણ લોકચર્ચા ચાલી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરડેરીમાં અનહદ ભ્રષ્ટાચાર અને ભરતીમાં સગાવાદ એ જગજાહેર બાબત હોવા છતાં રાજ્ય રજીસ્ટ્રાર તેમજ રાજ્ય સરકાર પણ આ મુદ્દે કોઈ પગલાં ભર્યાં નથી. આવતા વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણીમાં તેના કારણે ભાજપને અગણિત નુકસાન થવાની દહેશત ભાજપના કાર્યકરોએ વ્યક્ત કરી છે. કારણ કે ૪ લાખથી વધુ પશુપાલકોનો સાબરડેરી સાથે સીધો નાતો રહેલો છે. શનિવારે સાબરડેરીના ડિરેક્ટર અને પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલે ચેરમેન શામળભાઈ પટેલના મનસ્વી વહીવટ અને હજારો પ્રકારના ભ્રષ્ટાચાર આદર્યાના મીડીયા સમક્ષ આરોપ લગાવી પોતાના સ્વભાવ અનુસાર શર્ટ ઉતારી સાબરડેરીના પ્રાંગણમાં ધરણાં પર બેઠા જેથી પ્રાંતિજ તાલુકામાં પહોંચેલા સાબરડેરીના ચેરમેન તાબડતોબ સાબરડેરીમાં પહોંચ્યા હતા અને જશુભાઈ પટેલને ધરણાં સમેટવા અને તમારી જે રજૂઆત હોય તે સ્વીકારવાની તૈયારી દર્શાવી હોય તે રીતે જશુભાઈ પટેલે ધરણાં છોડી બંધ બારણે બેઠક યોજી હતી અને લોકચર્ચા એવી છે કે સાબરડેરીના ચેરમેનની તમામ દુખતી નશના માહેર ડિરેક્ટરે એક પછી એક પોતાની તમામ માંગો બંધ બારણે સ્વીકારાયા પછી બહાર નિકળી ગયાનું જાણવા મળ્યું છે. ત્યારે ડિરેક્ટરે પણ પોતાના જ અંગત લાભ માટે ધરણાંનો ખેલ રચ્યાની વિગતો બહાર આવતાં તેમના કેટલાક સમર્થકોમાં પણ પી નારાજગી જોવા મળી છે. અંતરંગ સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર ડિરેક્ટર દ્વારા માલપુર તાલુકાની ડેરીની માન્યતા રદ કરવાની જીદ પકડી હતી જો કે તેમાં ચેરમેને નોવા કુંજરોવા જેવો જવાબ આપ્યો છે. પરંતુ બાયડના એક ઠેકેદારનું વાહન રુટ ઉપર ચાલુ રહેવું જોઈએ તે જીદ તત્કાલ સ્વીકાર્યાનું પણ જાણવા મળ્યું છે.

સાબરડેરીના ભ્રષ્ટાચારની વિગતો અમિત શાહ સુધી પહોંચી

સાબરડેરીમાં ચાલતો ભ્રષ્ટાચાર અને ચેરમેન તથા ડિરેક્ટરોએ સગાઓને નોકરીમાં લીધા છે. કેટલાક કિસ્સાઓમાં લાખો રુપિયા ઉસેડીને ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે જેથી કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર વિભાગના મંત્રી અમિત શાહને સાબરડેરીના ભ્રષ્ટાચારનું ૧૦ પાનાનું ડોઝીયર કેટલાક હિતેચ્છુઓએ પહોંચાડ્યાનું જાણવા મળ્યું છે.

મેઘરજ લાલોડીયાના જંગલમાં નીલ ગાયનો શિકાર કરતા મોડાસાના ત્રણ ડફેરને દેશી બંદૂક સાથે ઝડપ્યા

મોડાસા, તા. ૨૬ અરવલ્લી જીલ્લાના જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓના શિકાર કરતી અનેક ટોળકીઓ સક્રિય છે મેઘરજના જંગલ વિસ્તારમાં નીલગાયનો શિકાર કરવામાં આવતો હોવાની વનતંત્રને જાણ થતા જંગલમાં વોચ ગોઠવવાની સાથે પેટ્રોલિંગ હાથધરતા લાલોડિયાના જંગલમાં નીલગાયનો શિકાર કરતા ત્રણ ડફેર પલ્સર બાઈક અને દેશી બંદૂક સ્થળ પર મૂકી ફરાર થઈ જતા મેઘરજ વન વિભાગ તંત્રએ તપાસ આરંભી મોડાસાના ત્રણ ડફેરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.મેઘરજ વનવિભાગના વનપાલ એન.એ.પરમાર અને તેમની ટીમને જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓના શિકાર કરી હેરાફેરી કરતી હોવાની બાતમી મળતા લાલોડીયાના જંગલમાં પેટ્રોલિંગ હાથધરતા નીલગાયનો શિકાર કરતા ત્રણે શિકારીઓ જંગલમાં પલ્સર બાઈક અને દેશી બંદૂક મૂકી ફરાર થઈ જતા મેઘરજ વનવિભાગ તંત્રએ તપાસનો ધમધમાટ શરુ કરી શિકાર ટોળકના ૧)ફારુકમિયા કાસમભાઈ શેખ,૨)સદ્દામ એહમદભાઈ વણજારા (બંને,રહે.મોડાસા) અને ૩)કઉં ટાંડાના ડફેર સિદ્દીક મહમદભાઈ ઝડપી લીધા હતા ત્રણે આરોપીને ૭૫ હજારનો દંડ ફટકારી ૧ લાખ રૂપિયાના જામીન પર આપવામાં આવ્યા હતા વનવિભાગે ત્રણે શિકારીઓ સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ અતર્ગત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાંતિજના પોગલુ ખાતેથી જિલ્લા એલસીબીએ ૭૮ લિટર દેશી દારૂ ઝડપી પાડયો

ફુલ-૨૦,૭૦૬૦ નો મુદામાલ સાથે એક ઇસમ ને ઝડપી પાડયો : ત્રણ સામે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૨૬ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતેથી જિલ્લા એલસીબીએ ૭૮ લિટર દેશીદારૂ સાથે એક ઈસમ ને ઝડપી પાડયો હતો તો ત્રણ વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી. જિલ્લા એલસીબીએ બાતમી મળીકે પ્રાંતિજ તાલુકાના માવાપુર ગામના મહેન્દ્રસિંહ ઉર્ફે લાલો સજજનસિંહ ઝાલા ઈકો કાર નંબર જ્ઞ૦૯મ્ત્ર ૯૬૬૮ માં દેશીદારૂ ભરીને તેના ડ્રાઈવર મેહુલ ને લઈ પોગલુ ગામે ઉહોરવાળા કુવા ઉપર રહેતા અમરતજી કડવાજી મકવાણા ના ને ત્યાં ઉતારવા મોકલનો હોય જે બાતમી ને લઈ ને જિલ્લા એલસીબી પોલીસ ટીમ દ્વારા ખાનગી ગાડીમા બાતમી વાળી જગ્યાએ પોહચતા તે દરમ્યાન એક ઈકોકાર અમરતજી કડવાજી મકવાણા ના રહેણાંક મકાન નજીક ઈકોકાર લઈ આવી તેનો પાછળનો દરવાજો ખોલી એક પોટલુ ઉતારતા પોટલુ નીચે મુકતા જિલ્લા એલસીબી પોલીસ આવી જતા ઈકોકાર ચાલક પોલીસ જોતાંજ ભાગ્યો હતો તો પ્રાંતિજ પોલીસે અમરતજી કડવાજી મકવાણા ને ઝડપી પાડયો હતો તો પોલીસે કટટુ તપાસ કરતા તેમા દેશીદારૂ ની સપ્ત વાસ મારતી હોય અને જિલ્લા એલસીબીએ આ બાબતે અમરતજી મકવાણા પાસે પાસ પરમીટ માગતા પાસે નહી હોવાનુ જણાવ્યુ હતુ તો પોલીસે બન્ને કટ્ટા માંથી ૧૩ ફુગ્ગા કુલ નંગ-૨૬ આશરે ત્રણ લિટર દેશીદારૂ તથા તમામ ફુગ્ગાઓ દેશીદારૂ ૭૮ લિટર જેની કિંમત-૨૦ લેખે ૧૫૬૦ તથા બે મોબાઈલ જેની કિંમત ૫૫૦૦ તથા ઈકોકાર જેની કિંમત-૨,૦૦,૦૦૦ મળી કુલ ૨,૦૭,૦૬૦ નો મુદામાલ સાથે અમરતજી કડવાજી મકવાણા રહે પોગલુ, ઉહોરવાળા કુવા ઉપર ગામ પોગલુ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ની અટકાયત કરી હતી તો મહેન્દ્રસિંહ ઉર્ફે લાલો સજજનસિંહ ઝાલા રહે. માવાપુર ગામ માવાની મુવાડી અને ઈકોગાડી નો ચાલક મેહુલ બન્ને ને વોન્ટેડ એમ ત્રણેય વિરૂધ્ધ પ્રોહિબશન ૬૫(ઈ)૮૧, ૮૫(એ) મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

ઝઘડાનું કારણ: કેફેમાં ચા ઢોળવાના મુદ્દે અંદરો અંદર ઝઘડો થયો, જેમાં સંચાલકે એક જૂથને ધોકો આપ્યો હોવાનું માની તૂટી પડ્યા

પાલનપુર બસપોર્ટમાં આતંક મચાવનાર ૧૪ તોફાની તત્વો સામે ફરિયાદ : અગાઉ જુના બસ સ્ટેન્ડમાં પણ આવા લુખ્ખા તત્વોની રંજાડ હતી

પાલનપુર તા.૨૬ પાલનપુર બસપોર્ટમાં શનિવારે તલવાર અને ધોકા લઈ આતંક મચાવનાર ૧૪ તોફાની તત્વો સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. જેમાં કાફેમાં ૧૫ શખ્સો વચ્ચે ચા ઢોળાવવાના મુદ્દે મારામારી થઈ હતી. ત્યાં એક જૂથને કાફેના સંચાલકે ધોકો આપ્યો હોવાનું માની તોફાનીઓ ધોકા અને તલવારો લઈ તૂટી પડ્યા હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

પાલનપુર બસપોર્ટમાં શનિવારે તલવાર અને ધોકા લઈ આતંક મચાવવા પાછળ કાફેમાં ચા ઢોળવાની આંતરિક બબાલ સામે આવી છે. વડગામ તાલુકાના ટીંબાચુડીના દીપેશકુમાર વીરજીભાઈ ચૌધરી અને તેમની માસીનો છોકરો વિશાલ ઉર્ફે સચિન કેસરભાઈ ચૌધરી ટી કેફે ધરાવે છે. જ્યાં શનિવારે બપોરના સુમારે ૧૫ જેટલા શખ્સ ચા પીવા માટે આવ્યા હતા. જ્યાં ચા ઢોળાવા બાબતે અંદરો અંદર બોલાચાલી થયા બાદ કોઈ શખ્સે કેફેમાં પડેલો ધોકો લઈ મારામારી કરી હતી. અને તેઓ ત્યાંથી અલગ પડ્યા હતા. જેની ૧૫ મિનિટ પછી ૨૫ થી ૩૦ શખ્સોનું ટોળું આવ્યું હતું અને તમે છોકરાઓને કેમ ધોકો આપ્યો હતો. તેમ કહી એક શખ્સે દીપેશકુમારને થપ્પડ મારી હતી. આથી દીપેશકુમાર તેમના માસીના દીકરા વિશાલ ઉર્ફે સચિન અને જીગ્નેશને બેસાડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા ગયા હતા. ત્યારે ફરી ૨૫ થી ૩૦ શખ્સો તલવાર ધોકા લોખંડની પાઈપ લઈ ટી કેફે ઉપર તૂટી પડ્યા હતા. કાચ, સર સામાનની તોડફોડ કરી હતી. તેમજ વિશાલને માથાના અને નાકના ભાગે જ્યારે જીગ્નેશના હાથ ઉપર ઈજા કરી હતી. આ અંગે દીપેશકુમારે ૧૪ સામે નામજોગ અને અન્ય અજાણ્યા શખ્સો સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બસ સ્ટેન્ડમાં આતંક મચાવનાર તોફાનીઓ

૧.ઉજમસિંહ ઉર્ફે ઉમેદસિંહ ચૌહાણ (રહે. ચેખલા તા. અમીરગઢ
૨. સાગરભાઈ ચૌહાણ (રહે. થુર તા. વડગામ)
૩. સચિન ચૌહાણ (રહે. મેરવાડા તા. પાલનપુર)
૪. સચિનસિંહ ચૌહાણ (રહે. મોટા કરઝા તા. અમીરગઢ)
૫. વિજેન્દ્રસીંગ ઉર્ફે સચિન ચૌહાણ (રહે. ઝાલરા કરજા તા. અમીરગઢ)
૬. જીતેન્દ્રસિંહ ડાભી (રહે. કીડોતર તા.અમીરગઢ)
૭. વિષ્ણુસિંહ મનહરસિંહ ડાભી (રહે. સરોત્રા તા. અમીરગઢ)
૮. યુવરાજસિંહ ચૌહાણ (રહે. મોટા કરઝા તા. અમીરગઢ)
૯. દર્શન માળી (રહે. વાઘરોળ તા. દાંતીવાડા)
૧૦. ધીરેન્દ્રસિંહ ગઢવી (રહે. પાણીયારી તા. દાંતા)
૧૧. પ્રિન્સ પરમાર (રહે. સરોત્રા તા. અમીરગઢ)
૧૨. વિકાસસિંહ સોનસિંહ ચૌહાણ (રહે. કરઝા તા. અમીરગઢ)
૧૩. અનિરુદ્ધસિંહ સોનસિંહ ચૌહાણ (રહે. કરઝા તા. અમીરગઢ)
૧૪. દેવુસિંહ ડાભી (રહે. ધોરી પાવઠી તા. દાંતા)
૧૫. અન્ય અજાણ્યા શખ્સો

મોટાબાવળ ગ્રામ પંચાયતને ખંભાતી તાળાં, ઈન્ચાર્જ તલાટી શોધ્યા જડતા નથી

ગ્રામજનો દ્વારા તાલુકા પંચાયતમાં લેખિત ધરણાંની ચીમકી

બાયડ, તા.૨૬ બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી વિદ્યાર્થીઓને જરુરીયાત મુજબના દાખલા લેવાના છે તેવા સમયે ખેડબ્રહ્મા તાલુકાની મોટાબાવળ ગ્રામ પંચાયતમાં ઈન્ચાર્જ તલાટીની અનિયમિતતાથી ખંભાતી તાળાં લાગતાં લોકરોષ ઉભો થયો છે. ગ્રામજનોએ જિલ્લા વહીવટી તંત્રને લેખિત ફરિયાદ કરી તાલુકા પંચાયત આગળ ધરણાં પર બેસવાની ચીમકી આપી છે. અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં તલાટીઓની હાજરી મુદ્દે અનેક ફરિયાદો છે. ઉંડાણના ગામડાઓમાં કોઈ પૂછનારુ ન હોય તે રીતે ગ્રામ પંચાયતોમાં તલાટી હાજર રહેતા ન હોવાથી અરજદારો ધરમધક્કા ખાતા હોય છે. તાલુકાના મોટાબાવળ ગ્રામ પંચાયતમાં ઈન્ચાર્જ તલાટીને કાર્યભાર સોંપાયા પછી ગ્રામ પંચાયતમાં તેમની હાજરી કહેવા ખાતર જોવા મળી રહી છે. અરજદારો ફરજના દિવસે ગ્રામ પંચાયતમાં જરુરી કામ માટે જાય પરંતુ તલાટી હાજર મળતા નથી અને મોટાભાગે ગ્રામ પંચાયતને ખંભાતી તાળાં વાગેલાં રહેતાં હોવાથી અરજદારો ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા ઘણા સમયથી તલાટીની સતત ગેરહાજરીથી અનેક અરજદારોનાં કામ અટવાતાં હોય છે. જ્યારે મોબાઈલ ફોનથી તલાટીનો સંપર્ક કરવાનો ગ્રામજનો પ્રયાસ કરે છે પરંતુ આ વિસ્તારમાં મોબાઈલ કવરેજ પૂરતું મળતું ન હોવાના કારણે જરુરીયાત સમયે તલાટીનો સંપર્ક કરવો તો કેમ કરવો?? તે સવાલ સતાવતો હોય છે. કેટલાક કિસ્સાઓમાં તો તલાટી મહાશય દ્વારા આ વિસ્તારના અરજદારોને યોગ્ય જવાબ પણ આપવામાં આવતા નથી અને કામ સમયે તલાટી ખેડબ્રહ્માનો ધક્કો પડે તેવું વર્તન કરતા હોવાથી આખરે ત્રાસેલા ગ્રામજનોએ હવે આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી છે. મોટાબાવળ ગ્રામ પંચાયતમાં તલાટીની કાયમી નિયુક્તિ તેમજ અરજદારોનાં કામ ત્વરીત ઝડપે થાય તે માટે જગદીશભાઈ ડાભી, સંજયભાઈ પરમાર, એમ.એમ.તરાલ, ગલબાભાઈ પરમાર, શાંતિભાઈ ડાભી વગેરે ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટર તેમજ તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી તાલુકા પંચાયત કચેરી આગળ તલાટીની ગેરહાજરી મુદ્દે ધરણાં પ્રદર્શન યોજવાની ચીમકી ઉચ્ચાર્યાનું જાણવા મળ્યું છે.

હેલ્થકેરના ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયે ગણપત યુનિ. દ્વારા વેબિનાર યોજાયો

ગણપત વિદ્યાનગર, તા. ૨૬ ગણપત વિદ્યાનગરનાં નર્સિંગ ઈન્સ્ટિટયુટમાં, ફિઝીયોથેરાપી ઈન્સ્ટિટયુટનાં અને ફાર્મસીનાં વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક ખાસ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વેબિનારનો વિષય હતો. 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન હેલ્થકેર : રિવોલ્યુનાઈઝિંગ એજ્યુકેશન, પ્રેક્ટિસ એન્ડ ફ્યુચર પોસિબિલિટીઝ.'

આ વેબિનારના સ્પિકર હતા ડિમા અલ - સુ.શ્રી ડિમા યુનાઈટેડ આરબ એમિરેટ્સના એક દેશ શાહજહાની યુનિવર્સિટી ઓફ શારજહાનાં બીજા વર્ષના મેડિકલ સાયન્સના વિદ્યાર્થીની છે.

વેબીનારનાં પ્રારંભે વક્તા ડિમાનું સ્વાગત કરતા ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ ડૉ. પ્રો. મહેન્દ્ર શર્માએ આયોજનની ભૂમિકા આપવા સાથે કહ્યું કે હેલ્થકેર ક્ષેત્રના ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે તમે હંમેશ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશો.

પોતાની વાત માંડતા ડિમાડીએ એઆઈની વ્યાખ્યા કરતા કહ્યું હતું કે,'માનવની બૌદ્ધિક ક્ષમતા + મશીન ઈન્ટેલિજન્સ એટલે અગાધ શક્યતાઓ.'

એમણે હેલ્થકેરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિનિયોગના સંદર્ભે જણાવ્યું હતું કે તેના વિવિધ પ્રકારે બહુ બધા ઉપયોગો છે અને હજુ એની વ્યાપકતા વધતી જ જશે, કેટલાંક દાખલા - રોબોટિક સર્જરી, ટ્રાન્સપ્લાન્ટેઓશન, રેર જિનેટિક ડિસઓર્ડર, રેટિનલ સર્જરી, ડાટા કલેકશન, અર્લી ડિરેકશન, રિમોટ મોનિટરિંગ, ઓટો ડોક્યુમન્ટેશન, ટ્રાન્સલેશન, રિસર્ચ સપોર્ટ કે આગામી અજુગતી ઘટનાની આગોતરી ચેતવણી જેવી અનેક બાબતોમાં એઆઈની ઉપયોગિતા છે.

ડિમાજીએ 'એઆઈ' અંગે આપેલા એમના વિસ્તૃત વ્યાખ્યાનમાં હેલ્થકેર (આરોગ્ય સેવા)ના વિવિધ ક્ષેત્રોમાં એઆઈનું સ્થાન, હેલ્થ એજ્યુકેશનમાં એઆઈનો વિનિયોગ, એઆઈ અંગેની ગેરસમજણો - જેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પાસાંઓને આવરી લઈ ખુબ વિશદ છણાવટ કરી હતી.

ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનના અંતે પૂછેલા વિવિધ પ્રશ્નોના સંદર્ભે પણ ડિમા મેડમે વિગતવાર સમજણ આપી હતી.

હાઈબ્રીડ મોડમાં યોજાયેલા આ મહત્વપૂર્ણ વેબીનારમાં યુનિવર્સિટી ઓફ શાહજહાના પ્રો. નાબિર અને ડૉ. એમાદ નોઈસર સહિત અનેક વિદ્વાનોએ ઓનલાઈન સહભાગિતા નોંધાવી હતી. તો ગણપત યુનિવર્સિટીના આંગણે પ્રત્યક્ષ રીતે જ વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રૉ. ડો. મહેન્દ્ર શર્મા જોઈન્ટ ડી.જી. ડેનિયલ, પ્રો. ડૉ. આર.કે. પટેલ અને પ્રો. રેમી મિત્રા તેમજ ડૉ. કાર્યગાવેલી નાગેશ્વર, અમિત પટેલ સહિત મહાનુભાવોએ ભાગ લીધો હતો.

બાળમજૂર કાયદો મરણ પથારીએ..!!

અરવલ્લીમાં ૧ વર્ષમાં તંત્ર માત્ર ૧ બાળમજૂરને શોધી શક્યું

હોટલ, ચા ની કીટલી, હાઈવેના ઢાબામાં કામ કરતા બાળમજૂરો તંત્રને દેખાતા નથી

બાયડ, તા.૨૬ અરવલ્લી જિલ્લામાં બાળમજૂર કાયદો મરણ પથારીએ પડ્યો હોય તેવી સ્થિતિ છે. છેલ્લા ૧ વર્ષમાં તંત્ર માત્ર ૧ બાળમજુરને શોધી શક્યું છે. જ્યારે હોટલ, ચા ની કીટલીઓ તેમજ હાઈવેના ઢાબાઓમાં કામ કરતા બાળમજૂરો તંત્રના અધિકારીઓને દેખાતા નથી જેથી તંત્રની કામગીરી સામે પણ સવાલ ઉભા થયા છે.

બાળમજૂરી કાયદા મુજબ



૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને તેમના જીવ અને આરોગ્ય જોખમાય તેવી રોજગારી ઉપર મનાઈ ફરમાવવામાં આવેલી છે. જો કોઈ આવા બાળકોને કામ પર રાખે તો ૬ માસ થી ૨ વર્ષ સુધીની સજા તેમજ રુ ૨૦ થી ૫૦ હજાર સુધીના દંડની જોગવાઈ હોવા છતાં જિલ્લામાં બાળમજૂરી સંપૂર્ણપણે નાબૂદ થઈ શકી નથી. તંત્ર દ્વારા બાળમજૂરી અટકાવવા માટે તપાસના દેખાડા કરવામાં આવતા હોય છે પરંતુ કામગીરી ન બરાબર જોવા મળી છે. જિલ્લામાં બાળમજૂરીનો કાયદો નખ, દાંત વગરના વાઘ જેવો સાબિત થઈ રહ્યો છે જેના કારણે છેલ્લા ૧ વર્ષમાં તંત્ર ૧ બાળમજુરને શોધવામાં સફળ રહ્યાની વિગતો જાણવા મળી છે. જિલ્લામાં હોટલો, ચા ની કીટલીઓ તેમજ હાઈવે ઉપર આવેલા ઢાબાઓમાં અનેક બાળમજૂરો કામ કરતા જોવા મળે છે પરંતુ તંત્રના અધિકારીઓને તે દેખાતા નથી. જિલ્લામાં ખેતી ક્ષેત્રે પણ સીઝન દરમ્યાન ખેતરોમાં બાળમજૂરીના દ્રશ્યો જોવા મળતા હોય છે તેમાંય ખાસ કરીને કપાસના પ્લોટીંગ સમયે બાળમજૂરીનું દૂષણ વધી જતું હોય છે પરંતુ તંત્રના ચોપડે ક્યાંય બાળમજુરી થતી જ નથી તેવો ચિતાર રહેતો હોય છે.

૧ વર્ષમાં ૧ બાળ મજૂર છોડાવ્યો - ઈન્ચાર્જ શ્રમ અધિકારી

અરવલ્લી ઈન્ચાર્જ શ્રમ અધિકારી સચિન બોદરે જણાવ્યું હતું કે ૧ વર્ષ દરમ્યાન મોડાસામાંથી બાળ મજૂરીને ફરિયાદ મળી હતી જેથી સ્થળ ઉપર તપાસ કરી ૧ બાળ મજુરને કાયદા હેઠળ મજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યો હતો.